# તો તમને જામીન મળેલ છે?

- **જામીનની શરતો *ખરેખર અગત્યની* છે કે નહિ તે વિચારો છો?**
- ***કોર્ટમાં હાજરી નહિ* આપવાનું વિચારી રહ્યાં છો?**
- ***લીગલ એઈડ* માટે અરજી કરવાનું વિચારી રહ્યાં છો?**
- ***ગુનો કબૂલ કરી લેવાનું* વિચારી રહ્યાં છો?**
- ***તમારે જાણવી જરૂરી* એવી કેટલીક બાબતો આ રહી.**

## શું તમને એવું લાગે છે કે તમને મળેલ જામીનની શરતો અગત્યની નથી?

જો તમે તમને મળેલ જામીનની શરતોનું પાલન નહિ કરો; અથવા જો તમે નક્કી કરવામાં આવેલી તારીખે કોર્ટમાં હાજરી નહિ આપો, ***તો તમે જામીનનો ભંગ કરશો.*** એટલે કેઃ

- તમારી ધરપકડ કરવામાં આવી શકે.
- તમને મળેલ જામીન પાછી ખેંચી લેવામાં આવી શકે.
- તમને કદાચ કસ્ટડીમાં રીમાન્ડ પર લઈ જવામાં આવે.
- તમને ભવિષ્યમાં કદાચ જામીન ન મળે.

### તમારે તમારા સોલિસિટરના સંપર્કમાં રહેવું જ જોઈએ.

જો તમે તેમની સાથેની મીટિંગોમાં હાજરી નહિ આપો, તો તેઓ કદાચ યોગ્ય રીતે તમારી મદદ નહિ કરી શકે.

### લીગલ એઈડ માટે અરજી કરી રહ્યાં છો?

તમારી કોર્ટની પહેલી તારીખ પહેલાં તમારે પગાર/બેનિફિટોના પુરાવા લઈને તમારા સોલિસિટરને મળવું જોઈએ. આનાથી ફોર્મ્સ ભરવામાં મદદ થશે અને તમારા દાવા પર ઝડપથી કાર્યવાહી થઈ શકશે.

## જો તમે જામીનમાંથી છટકશો

**તો તમે ગુનો કરી રહ્યાં છો.** એટલે કેઃ

- તમારી ધરપકડ કરવા માટેનું વોરંટ બહાર પાડવામાં આવશે.
- ‘હાજરી નહિ આપવા’ને કારણે તમારા ઉપર કાયદેસર પગલાં લેવામાં આવી શકે છે.
- તમે ‘હાજરી નહિ આપવા’ને કારણે છેવટે જેલ સજા પણ થઈ શકે.
- તમને ભવિષ્યમાં કદાચ ફરીથી જામીન નહિ મળે.

**તમારા વગર જ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવી શકે.** એટલે કેઃ

- તમારી ગેરહાજરીમાં તમારા પર કાયદેસર કાર્યવાહી ચલાવીને તમને ગુનેગાર સાબિત કરવામાં આવી શકે છે - તમારા ગેરહાજર રહેવાથી તમારા કેસમાં કોઈ મદદ નહિ થાય.

# So you got bail?

- **Wondering if bail conditions *really matter*?**
- **Thinking of *not turning up* at court?**
- **Thinking of *applying for legal aid*?**
- **Thinking of *pleading guilty*?**
- **Here are some things *you need to know*.**

## Think your bail conditions don’t matter?

If you don’t stick to the conditions of your bail; or if you don’t turn up at court on the set date, ***you are in breach of bail***. This means:

- You are likely to be arrested.
- Your bail may be withdrawn.
- You may be remanded in custody.
- You may not get bail in the future.

### You must keep in touch with your solicitor.

If you don’t turn up for meetings with them, they may not be able to help you properly.

### Applying for legal aid?

You should see your solicitor before your first court date with proof of wages/benefits. This will help complete the forms and speed up your claim.

## If you skip bail

**You are committing an offence.** This means:

- A warrant will be issued for your arrest.
- You can expect to be prosecuted for ‘failing to appear’.
- You may end up with a prison sentence for ‘failing to appear’.
- You may not get bail in the future.

**The case may go ahead without you.** This means:

- You can be tried and convicted in your absence – and being absent won’t help your case.

## જો તમને લાગતું હોય કે હાજરી આપવા માટે તમે બહુ વધારે બીમાર છો

- 'તમે કામ કરવા જેટલાં તંદુરસ્ત નથી' એવું જણાવતું એક મેડિકલ સર્ટિફિકેટ પૂરતું નથી.
- તમારે ડૉક્ટર પાસેથી સંપૂર્ણ મેડિકલ રીપોર્ટ પૂરો પાડવાનો જ રહેશે, જેમાં તમે કોર્ટમાં હાજરી ન આપી શકો એટલાં બધાં વધારે બીમાર હોવાનું જણાવેલું હોય.

## ગુનો કબૂલ કરી લેવાનું વિચારી રહ્યાં છો?

- તમારાથી બને તેટલું જલદી તમારા સોલિસિટરને કહી દો.
- જો તમારી પાસે સોલિસિટર ન હોય અને તમે ગુનો કબૂલી લેવા માગતાં હો, તો તમારાથી બની શકે તેટલું જલદી કોર્ટને કહો.

### જો તમે પહેલી તકે જ ગુનો કબૂલ કરી લેશો તોઃ

- તો તમને કદાચ *ઘટાડેલી સજા* કરવામાં આવી શકે.
- આ કદાચ તમને ગુનો કબૂલ કર્યા વગર કરવામાં આવી હોત તેના કરતાં *ત્રીજા ભાગની* સજા હોઈ શકે.

## જો તમે ગુનો કબૂલ નહિ કરો તોઃ

- તો કોર્ટ તમને અથવા તમારા સોલિસિટરને આના માટેનું કારણ પૂછશે.
- તમારી ટ્રાયલ છ અઠવાડિયાંમાં શરૂ કરવામાં આવી શકે, આથી તમે તૈયાર રહો છો તેની ખાતરી કરો.

### જો તમે બીજા ગુનાઓને પણ કોર્ટમાં ધ્યાનમાં લેવા માટે પોલીસને કહેશો તોઃ

- તમે જ્યારે કોર્ટમાં હો ત્યારે જો તે બીજા ગુનાઓની કબૂલાત નહિ કરો, તો તમારા પર તે ગુનાસર કાયદેસર પગલાં લેવામાં આવી શકે છે.

## હજુ પણ તમને લાગે છે કે આ અગત્યનું નથી?

***તમે ખોટાં છો.***

તમે કાર્યવાહીઓમાં મોડું કરી રહ્યાં છો એટલું જ નહિ, પરંતુ તમે તેને વધારે બગાડી રહ્યાં છો.

એટલે તમે તમારા પર એક ઉપકાર કરોઃ

- જો તમે ગુનો કબૂલ કરી લેવાનાં હો તો તે વહેલો કરી લો.
- તમારા જામીનની શરતોને વળગી રહો – બધી જ શરતોને.
- તમારે જ્યારે આવવાનું હોય ત્યારે કોર્ટમાં હાજરી આપો.
- ટ્રાયલ અથવા બીજી કોઈ પણ સુનાવણી તમારા વગર આગળ વધી શકે છે, સિવાય કે તેમ નહિ કરવા માટેનું કોઈ અત્યંત સબળ કારણ હોય.

### કૃપા કરીને નોંધ લેશોઃ

- તમે જ્યારે જામીન પર હો ત્યારે પોલીસ અથવા કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી કોઈ પણ શરતોનું પાલન કરવા માટે તમે પોતે અંગત રીતે જવાબદાર છો.
- આ શરતોમાંથી તમને ફક્ત પોલીસ અથવા કોર્ટ જ છૂટાં કરી શકે છે.

## If you think you are too ill to attend

- A medical certificate stating that you are 'unfit to work' is not enough.
- You must provide a full medical report from a doctor, stating that you are too ill to attend court.

## Thinking of pleading guilty?

- Tell your solicitor as soon as you can.
- If you do not have a solicitor and want to plead guilty, tell the court as soon as you can.

### If you plead guilty at the first opportunity:

- You are likely to get a *reduced sentence*.
- This could be by as much as *one third* of what you would get otherwise.

## If you plead not guilty:

- The court will ask you or your solicitor the reasons for this.
- Your trial may start in six weeks, so make sure you are ready.

### If you ask the police to have other offences taken into consideration at court:

- You may be prosecuted for those offences if you later choose not to admit them when in court.

## Still think all this doesn't matter?

***YOU ARE WRONG.***

You are not just delaying things, you are making them worse.
So do yourself a favour:

- If you are going to plead guilty, do it early.
- Stick to your bail conditions – all of them.
- Turn up at court when you are supposed to.
- The trial or any other hearing could go ahead without you unless the court thinks there is a very good reason not to.

### Please note:

- When you are on bail you are personally responsible for complying with any conditions set by the police or the court.
- Only the police or the court can release you from these conditions.

This leaflet is available in other formats and languages.
English is printed and other formats are available electronically.

Published by the Office for Criminal Justice Reform, July 2007,
Order code, English only, SYGB/07. Ref: 282563

Criminal Justice System: working together for the public